# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) નવી દિલ્હી રેલવે સ્ટેશન ઉપર થયેલી દોડધામમાં 18ના મોતની ઘટના અંગે તપાસ સમિતિની રચના

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આદિ મહોત્સવ-2025નું ઉદ્ઘાટન કરશે

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત ટેક્સ 2025માં સંબોધન કરશે

4) ગુજરાતમાં એક મહાનગર પાલિકા અને 66 નગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉત્સાહપૂર્વકનું મતદાન

5) વુમન પ્રિમિયર ક્રિકેટ લીગ મેચમાં આજે વડોદરામાં ગુજરાત જાયન્ટસનો યુપી વોરિયર્સ સાથે મુકાબલો

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# DELHI RS STAMPADE

ગઈકાલે રાત્રે નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર થયેલી ભાગદોડની ઘટનામાં રેલવેએ ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી છે. જેમાં સમિતિમાં પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર નરસિંહ દેવ અને પ્રિન્સિપલ ચીફ સિક્યુરિટી કમિશનર પંકજ ગંગવારનો સમાવેશ કરાયો છે. દિલ્હી પોલીસે પણ આ ઘટનાની તપાસ શરૂ કરી છે, સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કરીને તપાસ કરશે.

ઉત્તર રેલ્વેએ મૃતકોના પરિવારજનોને 10 લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે, આ અંગે ઉત્તર રેલવેના અધિકારીએ આ મુજબ માહિતી આપી

**Byte :** CPRO-NORTHERN-RAILWAY.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ મૃતકોના પરિવારજનોને 2 લાખ રૂપિયા અને રાજ્યના ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

દરમિયાન, એજન્સીના અહેવાલો મુજબ, નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર ગઈકાલે રાત્રે થયેલી નાસભાગમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા 18 થઈ ગઈ છે. જેમાં 11 મહિલાઓ અને 5 બાળકોનો સમાવેશ થાય છે. અનેક લોકો ઘાયલ થયાના પણ અહેવાલ છે. અધિકારીઓએ જણાવ્યું કે, પ્રયાગરાજ જતી ટ્રેનોમાં ચઢવા માટે રાહ જોઈ રહેલા મુસાફરોની ભીડ વધી જવાને કારણે નાસભાગ મચી ગઈ હતી.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને રેલ્વે, ગૃહ અને સંરક્ષણ મંત્રીઓએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

# PRESIDENT DRAUPADI MURMU- BIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આદિ મહોત્સવ-2025નું ઉદ્ઘાટન કરશે. આ મહોત્સવ લોકોને આદિવાસી સમુદાયોનની ઉદ્યોગસાહસિકતા, હસ્તકલા, સંસ્કૃતિ અને ખોરાક અને વ્યાપારી જીવનનો પરિચય કરાવે છે.

દરમિયાન રાષ્ટ્રપતિએ ગઇકાલે રાંચી ખાતે (BIT) ના અમૃત મહોત્સવ સંબોધતા કૃત્રિમ બુદ્ધિમત્તાની મદદથી ટેક્નોલોજી ક્ષેત્રે નવકલ્પના લાવવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં યુવાનોની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# PM-BHARAT TEX 2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત ટેક્સ 2025માં સંબોધન કરશે.

14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ રહેલો ભારત ટેક્સ કાર્યક્રમ કાચા માલથી લઈને તૈયાર ઉત્પાદનો, એસેસરીઝ વગેરે સુધીની સમગ્ર કાપડ મૂલ્ય શૃંખલાને એક છત નીચે લાવે છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ભારત ટેક્સ પ્લેટફોર્મ, કાપડ ઉદ્યોગનો સૌથી મોટો અને વ્યાપક કાર્યક્રમ છે, જે સમગ્ર કાપડ ઇકોસિસ્ટમનું પ્રદર્શન કરે છે. તેમાં 70 થી વધુ કોન્ફરન્સ સત્રો, રાઉન્ડ ટેબલ, પેનલ ચર્ચાઓ અને માસ્ટર ક્લાસ સાથે વૈશ્વિક પરિષદ યોજાઇ રહી છે.

આ કાર્યક્રમમાં નીતિ નિર્માતાઓ અને વૈશ્વિક સીઈઓ, 5,000 થી વધુ પ્રદર્શકો, 120 થી વધુ દેશોના 6,000 આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને અન્ય મુલાકાતીઓ ભાગ લેશે.

ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ ટેક્સટાઇલ મેન્યુફેક્ચરર્સ (ITMF), ઇન્ટરનેશનલ કોટન એડવાઇઝરી કમિટી (ICAC) સહિત વિશ્વભરના 25 થી વધુ અગ્રણી વૈશ્વિક કાપડ સંસ્થાઓ અને સંગઠનો પણ ભાગ આ કાર્યક્રમ માં ભાગ લેશે

. . . . . . . . . . . . . . .

# JAISHANKAR

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે મ્યુનિક સુરક્ષા પરિષદ દરમિયાન નોર્વેના નાણામંત્રી અને મ્યુનિક સુરક્ષા પરિષદના પ્રમુખ જેન્સ સ્ટોલ્ટનબર્ગ સાથે મુલાકાત કરી ઉભરતા વૈશ્વિક સુરક્ષા પડકારો પર મહત્વપૂર્ણ ચર્ચાઓ કરી છે.

જયશંકરે પરિષદથી અલગ આર્જેન્ટિનાના વિદેશ અને વેપાર મંત્રી ગેરાર્ડો વર્થિન સાથે પણ મુલાકાત કરી. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, વિદેશ મંત્રીએ કહ્યું કે, તેઓએ ભારત-આર્જેન્ટિના વેપાર અને રોકાણને વધારવા પર ચર્ચા કરી. તેમણે વૈશ્વિક બાબતો પર પણ પોતાના વિચારો નું આદાન પ્રદાન કર્યું.

આ ઉપરાંત તેમણે યુક્રેનના વિદેશમંત્રી સાથે પણ મુલાકાત કરી. અને યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા માટે ચાલી રહેલા પ્રયાસો પર ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . .

# MORN.US-UKRAINE

અમેરિકાએ જાહેરાત કરી કે, યુરોપ યુક્રેનની શાંતિ વાટાઘાટોમાં ભાગ લેશે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિના સહાયક તથા રશિયા અને યુક્રેન માટેના ખાસ દૂત કીથ કેલોગે ગઈકાલે જર્મનીના મ્યુનિખમાં વૈશ્વિક સુરક્ષા પરિષદ દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

શ્રી કેલોગ શાંતિ સુનિશ્ચિત કરવાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઉદ્દેશ્યને આગળ વધારવા માટે 22 ફેબ્રુઆરી સુધી યુરોપના પ્રવાસે  છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GUJ- LOCAL BODY POLLS

ગુજરાતમાં આજે વિવિધ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે મતદાન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે. મતદાન સવારે 7 વાગ્યે શરૂ થયું હતું અને સાંજે 6 વાગ્યા સુધી ચાલુ રહેશે. જ્યારે મતગણતરી મંગળવારે યોજાશે.

જૂનાગઢ મહાનગર પાલિકાની યોજાયેલી ચૂંટણી માટે સવારે 11 વાગ્યા સુધી 13.81 ટકા મતદાનના અહેવાલ છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા અત્યાર સુધીના આંકડા અનુસાર 66 નગરપાલિકાઓમાં 20 ટકા જેટલુ મતદાન થયું છે. આ ઉપરાંત 3 તાલુકા પંચાયતો, તેમજ વિવિધ સ્થાનિક સંસ્થાઓની મધ્યવર્તી અને પેટાચૂંટણીઓ માટે ઉત્સાહપૂર્વક મતદાન થઈ રહ્યું છે.

મતદાન મથકો ઉપર સવારથી જ મતદાતાઓની લાંબી કતારો જોવા મળી હતી. રાજ્ય ચૂંટણી તંત્ર દ્વારા પણ વૃધ્ધ, અને દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે મતદાતાઓમાં મતદાન કરવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં કુલ 5084 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. 170 આજે યોજાયેલી સ્થાનિક સંસ્થાઓની 2178 બેઠકોમાંથી, 213 બેઠકો પહેલાથી જ બિનહરીફ જીતેલી જાહેર કરવામાં આવી છે. સરળ અને શાંતિપૂર્ણ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે, સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર પ્રદેશમાં 10 હજાર થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . .

# DELHI POLICERAISING

દિલ્હી પોલીસનાં 78માં સ્થાપના દિવસની ઉજવણી આજે કિંગ્સવે કેમ્પ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરાઇ. મુખ્ય અતિથિ તરીકે ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે પરેડની સલામી ઝીલી હતી.

આ પ્રસંગે બોલતા, મંત્રીએ કહ્યું કે, દિલ્હી પોલીસ દેશના ટોચના પોલીસ દળોમાંની એક છે. દિલ્હી પોલીસે G20 સમિટ દરમિયાન અને કોવિડ રોગચાળાના સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વધુ તેમણે આ મુજબ જણાવ્યું.

## (BYTE- નિત્યાનંદ રાય)

દિલ્હી પોલીસની મહિલા ટુકડીના બેન્ડએ પરેડમાં નોંધપાત્ર આકર્ષણ જમાવ્યું હતું. પરેડમાં ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમ વાહન, ન્યાયિક અભિરક્ષા વાહન અને દિલ્હી પોલીસ પબ્લિક રિલેશન્સ ઓફિસ વાહન જેવા ઓડિયો અને વિડિયો ક્ષમતાઓથી સજ્જ વાહનો પણ દર્શાવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# ACCIDENT

આજે સવારે ઉત્તરપ્રદેશ બારાબંકી જિલ્લામાં થયેલા ગમખ્વાર અકસ્માતમાં 4 લોકોના મોત થયા છે.

લોની કટરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા પૂર્વાંચલ એક્સપ્રેસ હાઈવે પર મહારાષ્ટ્રથી અયોધ્યા જઈ રહેલા 1 પ્રવાસી વાહને પાર્ક કરેલી બસને અથડાયું હતું. આ અકસ્માતમાં 4 લોકોના મોત થયા હતા અને 6 થી વધુ લોકો ઘાયલ થયા હતા. 2 લોકોની હાલત ગંભીર હોવાથી તેમને લખનૌ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતા જ પોલીસ અધિક્ષક પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ અધિક્ષક દિનેશ કુમાર સિંહે જણાવ્યું કે, મહારાષ્ટ્રથી અયોધ્યા જઈ રહેલા ટેમ્પો ટ્રાવેલરના ડ્રાઈવરને ઝોકું આવી જતાં આ આકસ્માત સર્જાયો હતો..

. . . . . . . . . . . . . . .

# MUMBAI - FIRE

મુંબઈમાં આજે સવારે 11 માળની એક ઇમારતમાં આગ લાગવાથી 2 મહિલાનાં મોત થયું હતું અને 3 લોકો ગુંગળામણથી પીડાયા હતા.

દક્ષિણ મુંબઈના મસ્જિદ બંદર વિસ્તારમાં આવેલી પન્ના અલી મેન્શન ઈમારતમાં આગ લાગી હતી. ઘાયલોને તાત્કાલિક સરકારી જેજે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં આગ બુઝાઈ ગઈ છે. આગ લાગવાનું કારણ જાણવાની તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# WPL T20-CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં આજે વડોદરામાં ગુજરાત જાયન્ટ્સનો મુકાબલો યુપી વોરિયર્સ સામે થશે. આ મેચ સાંજે 7.30 વાગ્યાથી રમાશે.

ગઈકાલે દિલ્હી કેપિટલ્સે વડોદરામાં એક રોમાંચક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને 2 વિકેટથી હરાવ્યું હતુ

. . . . . . . . . . . . . . . .

# JK-EARTHQUAKE

જમ્મુ કાશ્મીરમાં ગત મોડીરાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા 4.5  નોંધાઈ હતી અને જેનું કેન્દ્રબિંદુ પાકિસ્તાનમાં નોંધાયું હતું. હાલ જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

. . . . . . . . . . . . . . . .

# J&K-OBC RESERVATION

જમ્મુ અને કાશ્મીર સરકારે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટેના પછાત વર્ગના પંચની કામગીરીની મુદત વધારીને 28 ફેબ્રુઆરી 2025 કરી છે. આ પંચની મુદત ગત 31મી ડિસેમ્બર 2024ના રોજ પૂરી થઈ હતી.

સૂચિત પંચ ફેબ્રુઆરી મહિનાના અંત સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરે તેવી સંભાવના છે. આ અહેવાલ મળતાં જ સંબંધિત પેનલની રચના કરાશે, અને જમ્મુ-કાશ્મીરમાં નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીનો માર્ગ મોકળો થશે.

. . . . . . . . . . . . . . . .